# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-07-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. રાજ્યના બેલીફ કર્મચારીઓનું ફિક્સ મુસાફરી ભથ્થું વધારીને પ્રતિ માસ 2 હજાર 500 રૂપિયા કરાયું
2. GCAS અંતર્ગત નોંધણી અને પ્રવેશ માટે વધુ એક તબક્કામાં પાંચ રાઉન્ડ શરૂ કરાશે
3. રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને દર શનિવારે દફતરના ભારણથી મુક્તિ મળશે
4. જમ્મુ કાશ્મીરની પવિત્ર અમરનાથ યાત્રાનો આજથી આરંભ
5. રાજ્યમાં આજે 101 તાલુકામાં હળવોથી ભારે વરસાદ- આવતીકાલે ઉત્તર ગુજરાતમાં ઓરેન્જ એલર્ટ

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# BAILIFF FTA

રાજ્યના ન્યાયતંત્રમાં ફરજ બજાવતાં બેલીફ કર્મચારીઓનું ફિક્સ મુસાફરી ભથ્થું-FTA વધારીને પ્રતિ માસ 2 હજાર 500 રૂપિયા કરાયું. રાજ્ય સરકારના આ નિર્ણય અંતર્ગત બેલીફ કર્મચારીઓને હાલમાં આપવામાં આવતા માસિક 200 રૂપિયાના FTAમાં રાજ્ય સરકારના અન્ય સંવર્ગો મુજબ વધારો કરીને ખાસ ભથ્થુ મંજૂર કરાયું છે. ગુજરાત રાજ્ય જ્યુડીશીયલ બેલીફ મંડળે કરેલી રજૂઆતને રાજ્ય સરકારે હકારાત્મક પ્રતિસાદ આપી FTAમાં 1 જુલાઇ, 2025થી વધારો કર્યો છે. આ નિર્ણયને પગલે રાજ્ય સરકાર પર માસિક 34 લાખ 77 હજાર તથા વાર્ષિક 4 કરોડ 18 લાખ રૂપિયાનું વધારાનું કાયમી નાણાકીય ભારણ વધશે.

. . . . . . . . . . .

# RUSHIKESH GCAS

રાજ્યની કોલેજોમાં પ્રવેશ માટેની સમાન પ્રક્રિયા - GCAS અંતર્ગત નોંધણી અને પ્રવેશ માટે વધુ એક તબક્કામાં પાંચ રાઉન્ડ શરૂ કરાશે. આ વિશેષ તબક્કામાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ આવતીકાલ એટલે કે 3 જુલાઇ સુધી નોંધણી કરી શકશે. ત્યાર બાદ તારીખ 7 થી 11 દરમિયાન 5 જેટલા રાઉન્ડમાં પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. ગાંધીનગર ખાતે ઉચ્ચ અને

ટેકનીકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી GCASની સમીક્ષા બેઠકમાં આ નિર્ણય લેવાયો.

ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી 3 લાખ 22 હજાર વિદ્યાર્થીઓ પોર્ટલ પર વેરિફાઇડ થયા છે જેમાંથી 2 લાખ 97 હજાર વિદ્યાર્થીઓને કોલેજ તરફથી એડમિશન ઓફર થઇ છે તો 2 લાખ 25 હજાર જેટલા વિદ્યાર્થીઓએ એડમિશન કન્ફર્મ કર્યા છે. ગયા વર્ષની સ્થિતિએ આ વર્ષે જુલાઇ સુધીમાં GCAS મારફતે UG એડમિશનમાં 32 ટકા નો વધારો નોંધાયો છે.

. . . . . . . . . . .

## CABINET MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઇ. બેઠકમાં વરસાદની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી. જેમાં અત્યારસુધી થયેલા રાહત અને બચાવ કાર્ય, માનવ મૃત્યુ, જળાશયોની સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી. આ ઉપરાંત બેઠકમાં કૃષિ વિભાગ દ્વારા વાવેતર તેમજ શાળા પ્રવેશોત્સવની વિગતો રજૂ કરવામાં આવી. આ સિવાય રાજ્ય સરકારના આગામી આયોજનો અને નીતિગત વિષયો પર પણ સમીક્ષા કરવામાં આવી.

. . . . . . . . . . .

## CM SAKHI NEER

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગર સચિવાલય પરિસરમાં કાચની બોટલમાં પાણી મળી શકે તેવા સુવિધા કેન્દ્રનો આરંભ કરાવ્યો. આ સુવિધા અંતર્ગત હવે પ્લાસ્ટિક બોટલને બદલે કાચની બોટલમાં "સખી નીર"ના નામથી પીવાનું પાણી આપવામાં આવશે. વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલે જણાવ્યું કે આ સુવિધા શરૂ થતાં સચિવાલય પરિસરમાં દરરોજ ઉપયોગમાં લેવાતી પ્લાસ્ટિક બોટલનો વપરાશ બંધ થશે અને નજીવા દરે કાચની બોટલમાં અપાશે.

**(બાઇટ: મુકેશ પટેલ, વન અને પર્યાવરણ રાજ્યમંત્રી)**

માં નર્મદા એકતા મહિલા મંડળની બહેનો દ્વારા સંચાલિત આ પ્રકલ્પમાં અપનાવાયેલી ટેકનોલોજી વડોદરાના યુવા સ્ટાર્ટઅપ પ્રતીક પટેલ અને તેમની ટીમે વિકસાવેલી છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કાચની બોટલના પરિવહન માટે ઈ-રિક્ષાને પણ લીલીઝંડી આપી હતી.

. . . . . . . . . . .

# BAGLESS DAY

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને દર શનિવારે દફતરના ભારણથી મુક્તિ મળશે. દરમિયાન દર શનિવારે બેગલેસ ડે અંતર્ગત શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે.

ચાલુ માસથી જ દર શનિવારે આ વિશેષ દિવસ અમલી બનશે. શિક્ષણ વિભાગ દ્વારા આનંદદાયી શનિવાર પર અમલ કરવા સૂચના

આપવામાં આવી છે. વિવિધ પ્રવૃત્તિઓની વિગતો સાથે પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત, શાળામાં શારિરીક કસરતો, યોગ, બાળસભાનું આયોજન કરવા સૂચના આપવામાં આવી છે.

. . . . . . . . . . .

## J&K – AMARNATH YATRA

જમ્મુથી અમરનાથ યાત્રીઓની પ્રથમ ટૂકડી આજે બપોરે કાશ્મીર પહોંચી હતી. જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ આજે વહેલી સવારે અમરનાથ યાત્રાની પ્રથમ ટૂકડીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. જમ્મુના ભગવતીનગર યાત્રી નિવાસથી બેઝ કેમ્પ માટે પ્રસ્થાન થયેલા આ જૂથમાં યાત્રા માટે કુલ પાંચ હજાર 892 યાત્રિઓએ પ્રસ્થાન કર્યું, જેમાં બે હજાર 489 યાત્રીઓ બાલતાલ માર્ગથી અને ત્રણ હજાર 403 યાત્રીઓ  અનંતનાગ માર્ગથી પવિત્ર ગુફા સુધી પહોંચશે.

ત્રણ હજાર 880 મીટરની ઉંચાઈએ સ્થિત અમરનાથ ધામની 38 દિવસની આ યાત્રા આવતીકાલે બંને માર્ગથી ઔપચારિક રીતે શરૂ થશે. આ તીર્થયાત્રા આ વર્ષે નવ ઑગસ્ટે શ્રાવણી પૂનમના દિવસે પૂર્ણ થશે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## GUJARAT RAIN

રાજ્યમાં આજે 101 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં ડાંગ જિલ્લાના સુબીર તાલુકામાં સૌથી વધુ સાડા ત્રણ ઇંચ વરસાદ પડ્યો છે. જ્યારે તાપીના વાલોદમાં 3 ઇંચથી વધુ અને ડોલવણમાં પોણા ત્રણ ઇંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે. ડોલવણથી પંચોલ જતા લો લેવલ પુલ પર પાણી ફરી વળતા પૂલ વાહન વ્યવહાર માટે બંધ કરાયો છે. ભારે વરસાદને પગલે ગ્રામ્ય વિસ્તારોમાં પાંચ જેટલા રસ્તાઓ બંધ કરાયા છે. ડોલવણ તાલુકામાંથી પસાર થતી પૂર્ણા અંબિકા ગોલણ નદીમાં પૂરની સ્થિતિની શક્યતાને જોતાં નદી કિનારાના ગામના લોકોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે.

વલસાડ જિલ્લાની દમણ ગંગા નદી સ્થિત મધુબન જળાશયમાં પાણીની આવક વધતા કુલ સાત દરવાજા 1.70 મીટર ખોલવામાં આવ્યા છે, જેના પગલે નીચાણ વાળા વિસ્તારના ગામોને એલર્ટ કરાયા છે.

રાજ્યમાં અત્યાર સુધી સિઝનનો સરેરાશ 34 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જળાશયોની સ્થિતિ અંગે વાત કરવામાં આવે તો, રાજ્યના 21 જળાશય હાઇએલર્ટ છે જ્યારે 13 જળાશય એલર્ટ પર છે. રાજ્યના 15 જળાશય 100 ટકા ભરાયા છે. દરમિયાન, ભારે વરસાદને પગલે રાજ્યમાં 97 માર્ગ બંધ કરાયા છે.

. . . . . . . . . . .

## WEATHER FORECAST

રાજ્યમાં આગામી 7 દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી છે. આજે રાજ્યના 10 જિલ્લાઓમાં ભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. જેમાં ઉત્તર ગુજરાતનાં જિલ્લાઓ બનાસકાંઠા અને સાબરકાંઠામાં બે દિવસ ઓરેન્જ એલર્ટ જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં યલો એલર્ટ જાહેર કરાયું છે. આ અંગે હવામાન વિભાગના નિયામક ડૉ.એ કે દાસે વધુ માહિતી આપી.

(બાઇટ: ડૉ.એ. કે. દાસ, નિયામક)

. . . . . . . . . . .

## DANG BOATING

ડાંગ જિલ્લાના સાપુતારાના સર્પગંગા તળાવમાં બોટિંગ પ્રવૃત્તિ ફરી શરૂ કરવામાં આવી છે. વર્ષ 2024થી બંધ કરાયેલી આ બોટિંગ પ્રવૃત્તિ પુનઃ શરૂ કરતાં પહેલા સાવચેતીના તમામ પગલાં લેવાયા છે. જેમાં તળાવની ઊંડાઈનો બેથેમેટ્રી સર્વે પણ કરાયો હતો. બોટિંગ પ્રવૃત્તિ ફરી શરૂ થવાના સમાચારથી સ્થાનિક વેપારી અને પ્રવાસીઓમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે. આ અંગે વધુ માહિતી નોટિફાઇડ એરિયાના ઇન્ચાર્જ ચીફ ઓફિસર વાય એસ ચૌધરીએ વધુ માહિતી આપી.

(બાઈટ – વાય.એસ.ચૌધરી, ઇન્ચાર્જ ચીફ ઓફિસર)

. . . . . . . . . . .

# JAMNAGAR – VYAJ MAFFI

જામનગર મહાનગરપાલિકાએ તમામ વેરાઓ પર સો ટકા વ્યાજ માફીની યોજના શરૂ કરી છે અને આગામી 7 જુલાઈ સુધી આ યોજના અમલી હોઇ વધુને વધુ શહેરીજનોને આ યોજનાનો લાભ લેવા મનપા ટેક્સ અધિકારી જીગ્નેશ નિર્મલે અનુરોધ કર્યો છે.

(બાઈટ : જીગ્નેશ નિર્મલ (મનપા ટેક્સ અધિકારી)

. . . . . . . . . . .

# NAVSARI – PLASTIC FINE

નવસારી મહાનગર પાલિકાએ શહેરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરતાં 167 વેપારીઓ પાસેથી 1.2 ટન પ્લાસ્ટિક જપ્ત કરી 2 લાખ 91 હજારનો દંડ વસુલ્યો છે. આ કાર્યવાહી દરમિયાન બે વેપારીએ કરેલા અયોગ્ય વર્તન બદલ બંને વેપારીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવાયા હતા.

. . . . . . . . . . .

# BANASKANTHA- JAN SURAKSHA

સમગ્ર દેશમાં પહેલી જુલાઈથી 30 સપ્ટેમ્બર સુધી જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન ચાલી રહ્યું છે, ત્યારે બનાસકાંઠા જિલ્લામાં આકેસણ ગામ ખાતેથી આ અભિયાનનો પ્રારંભ કરાયો. આ કાર્યક્રમમાં જિલ્લાના ગ્રામજનોને જનધન ખાતા, સુરક્ષા વીમા યોજના, જીવન જ્યોતિ વીમા યોજના, અટલ પેન્શન યોજના, સાઇબર ફ્રોડથી બચાવ અને રી-કેવાયસી અંગે માહિતી આપવામાં આવી હતી. ત્રણ માસ સુધી ચાલનાર આ અભિયાન અંતર્ગત જન સુરક્ષા યોજનાઓના લાભ અંગે લોકોને જાગૃત કરાશે.

. . . . . . . . . . .

# PATAN-PASHU RASIKARAN

પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકામાં ઊંટ પ્રજાતિના પશુઓને ખસ અને ચકરી જેવા રોગો સામે રક્ષણ મળે તે માટે રસીકરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ રસીકરણ અભિયાનમાં 304 જેટલા ઊંટને ખાસ પ્રકારની ઝેરબાજ રસી આપીને રક્ષિત કરાયા. પશુપાલકો ઊંટને ચરિયાણ અર્થે કચ્છ તરફ લઈને જતા હોય તે અગાઉ ઊંટને આ ઝેરબાજની રસી આપીને કાળજી લેવાઈ હતી.

. . . . . . . . . . .

# DIU MOBILE

દીવ પોલીસે ચોરી તથા ખોવાઈ ગયેલા સાડા ત્રણ લાખ રૂપિયાના મોબાઈલ તેના મૂળ માલિકોને પરત સોંપ્યા છે. સ્થાનિકો તથા પર્યટકોના અનેક મોબાઈલ ચોરી  અને ગુમ થયાની ફરિયાદો સામે હતી ત્યારે પોલીસ વડા સચિન યાદવના માર્ગદર્શનમાં દિવની આસપાસના રાજયોમાંથી 25 રિકવર કરવામાં આવ્યા હતા. જે આજે મૂળમાલિકોને પરત કરાયા હતા.

. . . . . . . . . .

# GIR SOMNATH - ANAAJ

ગીર સોમનાથ જિલ્લાના ભીમદેવળ ગામમાંથી શંકાસ્પદ સરકારી અનાજનો જથ્થો જિલ્લા તંત્રએ જપ્ત કર્યો છે. ગામમાં આવેલા ગોડાઉનમાંથી મામલતદારે ઘઉંના 298 કટ્ટા, ચોખાના 6 કટ્ટા, બાજરાના 13 કટ્ટા, મળી કુલ 5 લાખ 23 હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. તારીખ 25 જૂનથી પહેલી જુલાઇ દરમિયાન જિલ્લા પુરવઠા વિભાગે વિશેષ ઝુંબેશમાં શંકાસ્પદ સરકારી અનાજનો અનઅધિકૃત જથ્થો ઝડપી કુલ 10 લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

. . . . . . . . . . .